# "સિદ્ધમેરુ" અપરનામ "જયસિંહમેરુપ્રાસાદ"

## તથા

# "સહસ્રલિંગતટાક"ના અભિધાનનું અર્થઘટન

**મધુસૂદન ઢાંકી**

ચૌલુક્ય સમ્રાટ જયસિંહદેવ-સિદ્ધરાજનાં બે વાસ્તુ-નિર્માણો સુવિશ્રુત છે : એક તો અણહિલ્લપાટકનું "સહસ્રલિંગ-તટાક", અને બીજું તે સિદ્ધપુરનો "રુદ્રમહાકાલ" વા "રુદ્રમહાલયપ્રાસાદ."[1] તદતિરિક્ત તેણે અણહિલ્લપત્તનમાં જિન ઋષભનો "રાજવિહાર" અને સિદ્ધપુરમાં વર્ધમાન-મહાવીરનો ચતુર્મુખ "સિદ્ધવિહાર," એમ બે જિનપ્રાસાદો કરાવ્યા હોવાનું સમકાલિક, સમીપકાલિક, અને ઉત્તરકાલિક જૈન સ્રોતોથી સુસ્પષ્ટ છે[2]. સિદ્ધરાજના સમયમાં ગૂર્જર મહારાજ્ય રાજકીય, આર્થિક, તેમ જ સાંસ્કૃતિક ક્ષેત્રે સિદ્ધિઓની ચરમ સીમાએ પહોંચી ગયેલું. યશોવિસ્તાર અને સમૃદ્ધિના એ ઓજસ્વી કાળમાં થયેલી ઉપર કથિત સંરચનાઓ સુવિશાલ અને આલંકારિક હોવાનાં પ્રત્યક્ષ[3] વા સાહિત્યિક[4] પ્રમાણો છે; પણ સિદ્ધરાજનું શાસન દીર્ઘકાલ પર્યંત રહ્યું હોઈ[5] તેણે વિશેષ રચનાઓ કરાવી હોવાની અપેક્ષા સંભવિતતાની સીમા અંતર્ગત રહે છે. તેના બે'એક બીજાં પ્રમુખ નિર્માણો—સહસ્રલિંગ-તટાક પર "દશાવતાર-વિષ્ણુ"ના પ્રાસાદનો અને "કીર્ત્તિસ્તંભ"નો—ઉલ્લેખ સમકાલીન લેખક (પૂર્ણતલ્લગચ્છીય) આચાર્ય હેમચંદ્રે **દ્વયાશ્રયમહાકાવ્ય** (આ૦ ઈ૦ સ૦ ૧૧૪૦-૧૧૫૦)માં કર્યો છે; અને દ્વયાશ્રયવૃત્તિકાર ખરતરગચ્છીય અભયતિલક ગણિએ (સં૦ ૧૩૧૨/ઈ૦ સ૦ ૧૨૫૬) તે સૌ પર વિશેષ સ્પષ્ટતા કરી છે[6]. પણ સિદ્ધરાજે આ ઉપરાંત પણ ઓછામાં ઓછાં બે અન્ય મહાન્ દેવકલ્પો કરાવેલાં, જેનાં ઉપલબ્ધ પ્રમાણો અહીં પ્રસ્તુત કરીશું.

સિદ્ધપુરમાં રુદ્રમાળ સરખો નવ્ય-ભવ્ય અને અપશ્ચિમ પ્રાસાદ કરાવનાર, કુલપરંપરાએ પરમ શૈવ એવા સિદ્ધરાજે ગૂર્જરકર્ણિકા અણહિલ્લપત્તનમાં પણ કોઈ વિશાલકાય શિવમંદિરનું નિર્માણ કરાવ્યું હશે તેવો આકલ્પ સ્વાભાવિક જ થાય. સિદ્ધરાજ-પિતૃ કર્ણદેવે (ઈ૦ સ૦ ૧૦૬૬-૧૦૯૫) રાજધાની અણહિલ્લપુરમાં "કર્ણમેરુપ્રાસાદ" બંધાવ્યાનું નાગેન્દ્રગચ્છીય મેરુતુંગાચાર્ય **પ્રબન્ધચિંતામણિ** (વિ૦ સં૦ ૧૩૬૧/ઈ૦ સ૦ ૧૩૦૫)માં નોંધે છે[7]; અને સિદ્ધરાજના અનુગામી કુમારપાળે પાટનગરમાં "કુમારપાલેશ્વર"નું દેવળ કરાવ્યાનું આચાર્ય હેમચંદ્રનું, અને તેમને અનુસરીને વૃત્તિકાર અભયતિલક ગણિનું કથન છે[8] : એ વાત ધ્યાનમાં લેતાં જયસિંહદેવે પણ ત્યાં એકાદ તો શિવમંદિર પોતાનાં નામ, સામ્રાજ્ય-લક્ષ્મી, અને પ્રભુત્વને અનુરૂપ બંધાવ્યું હશે તેવી ધારણા સ્વાભાવિક રીતે જ જન્મે. વસ્તુતયા એણે પાટણમાં પ્રશસ્ત એવો મેરુ જાતિનો, વિશાળ અને ઉત્તુંગ શિવપ્રાસાદ કરાવેલો, જેની યોગ્ય નોંધ લેવાનું ગુજરાતના સોલંકીયુગીન ઈતિહાસના સાંપ્રતકાલીન આલેખકો પ્રાયઃ ચૂકી ગયા છે. પ્રકૃત પ્રાસાદ સંબંધી વર્તમાને જે કંઈ મધ્યકાલીન સાહિત્યિક પ્રમાણો લભ્યમાન બને છે તે અહીં ક્રમશઃ રજૂ કરીશું :

(૧) અજ્ઞાત-કર્તૃક **કુમારપાલપ્રબોધપ્રબન્ધ**માં સિદ્ધરાજના મરણ પછી તેના અનુગામી કુમારપાળની મંત્રીપરિષદ અને અન્ય રાજપુરુષો દ્વારા વરણી (અને અભિષેક-યજ્ઞ ?) **"જયસિંહમેરુપ્રાસાદ"**માં થયેલાં તેવી નોંધ મળે છે[9] : યથા :

आजूहवत् **कुमारं** च **श्रीजयसिंहमेरुके** ॥२०१॥

પ્રસ્તુત અજ્ઞાતકાલીન પ્રબન્ધનો પછીથી આધાર રુદ્રપલ્લીયગચ્છના સંઘતિલકસૂરિ-શિષ્ય સોમતિલક સૂરિએ લીધેલો હોઈ તેની રચના ઈસ્વીસનના ચૌદમા શતક મધ્યાહ્નના અરસામાં કે તે પછી નજીકનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ષોમાં, ને કારણ કે તેમાં ક્યાંક ક્યાંક **પ્રબન્ધચિંતામણિ** (ઈ૦ સ૦ ૧૩૦૫) અને ખરતરગચ્છીય જિનપ્રભસૂરિ કૃત **કલ્પપ્રદીપ** (આ૦ ઈ૦ સ૦ ૧૩૩૫)નો પરિચય વરતાય છે તેથી, ઈ૦ સ૦ ૧૩૩૫ પશ્ચાત્, પણ તુરતમાં, થઈ હશે : (આ પ્રબન્ધની પ્રતિલિપિની મિતિ સં૦ ૧૪૬૪/ઈ૦ સ૦ ૧૪૦૮ છે.)[૧૦]

(૨) ઉપરના સંદર્ભમાં કહેલા સોમતિલક સૂરિએ રચેલા **કુમારપાલદેવચરિત**માં પણ પ્રસ્તુત હકીકત નોંધાયેલી છે અને ત્યાં પણ જયસિંહમેરુપ્રાસાદનો યથાસ્થાને નિર્દેશ મળે છે[૧૧].

**प्रासादे** श्रीजयसिंहमेरौ द्वावपि संगतौ ॥८३॥

સોમતિલક સૂરિની કૃતિઓ — **વીરકલ્પ** તથા **ષડ્દર્શનચરિત્ર-ટીકા** (બંને સં ૧૩૮૯/ઈ૦ સ૦ ૧૩૩૩)[૧૨] અને **લઘુસ્તવટીકા**[૧૩] (સં૦ ૧૩૯૭/ઈ૦ સ૦ ૧૩૪૧) — નો રચના સમય ધ્યાનમાં લેતાં પ્રકૃત **કુમારપાલદેવચરિત**નો સરાસરી કાળ ૧૪મી સદીના મધ્યાહ્ન નજીકનો હોવાનું અંદાજી શકાય[૧૪]. (પ્રસ્તુત કૃતિની ઉપલબ્ધ જૂની હસ્તપ્રતની મિતિ સં૦ ૧૫૧૨/ઈ૦ સ૦ ૧૪૫૬ છે[૧૫].)

(૩) ઉપર કથિત બન્ને પ્રબન્ધોથી પ્રાચીન પણ એક અન્ય અજ્ઞાત કર્તાનું પણ એક **કુમારપાલદેવચરિત** છે, જેની સં૦ ૧૩૮૫/ઈ૦ સ૦ ૧૩૨૯માં લખાયેલી હસ્તપ્રત મળી છે[૧૬]. (વસ્તુતયા **કુમારપાલપ્રબોધપ્રબન્ધ**માં, તેમ જ સોમતિલક સૂરિ વિરચિત ચરિત્રકૃતિમાં પ્રસ્તુત ચરિતનો ખૂબ ઉપયોગ થયો હોવાનું જણાય છે[૧૭].) સંદર્ભગત આ પ્રાચીનતર ચરિતમાં 'જયસિંહમેરુપ્રાસાદ'ના ઉલ્લેખવાળા (તેમ જ તેની આજુબાજુના) શ્લોકો **કુમારપાલપ્રબોધપ્રબન્ધ**માં મળે છે તે જ છે. જયસિંહમેરુનો ઉલ્લેખ થોડાક જ ફરક સાથે અહીં આ પ્રમાણે છે :

आजाहावतुः **कुमारं श्रीजयसिंहमेरुके** ॥२०८॥

ઉપર્યુક્ત પ્રબન્ધોથી પ્રાચીન, અને સોલંકીયુગના અંતિમ ચરણમાં રચાયેલા, રાજગચ્છીય પ્રભાચંદ્રાચાર્યના **પ્રભાવકચરિત** (સં૦ ૧૩૩૪/ઈ૦ સ૦ ૧૨૭૮) અંતર્ગત ''હેમચંદ્રસૂરિ-ચરિત''માં પણ તત્સમ્બન્ધ એક ઉલ્લેખ મળે છે[૧૮]. ત્યાં કુમારપાળની ઉત્તરાધિકારી રૂપે થયેલ વરણીનો પ્રસંગ વિસ્તારથી વર્ણવ્યો છે; અને ત્યાં પણ પ્રસ્તુત પસંદગીનું સ્થળ ''સિદ્ધરાજમેરુ'' હોવાનું બતાવ્યું છે : યથા :

श्री**सिद्धराजमेरौ** च संजग्मुः **शिवमन्दिरे** ।
प्रधाना राज्यसर्वस्वं राज्ययोग्य परीक्षिणः

– **श्रीप्रभावकचरित**, ''हेमचन्द्रसूरि-चरित'', ४०४

પ્રકૃત ચરિતમાં આ પ્રાસાદનો એક વિશેષ ઉલ્લેખ પણ મળી આવે છે; જેમકે ભાગવત દેવબોધિએ ''જયસિંહમેરુ'' નામક મહેશભુવનને જોઈને ઉચ્ચારેલ પદ્યોદ્ગાર એક સ્થળે ટાંક્યા છે[૧૯] : યથા :

**देवबोधो**ऽपि सत्पात्रं तत्राहूयत हर्षतः ।
समायातेन भूपेन धर्मे ते स्युः समायतः ॥
**श्रीजयसिंहमेर्वाख्य महेशभुवना**ग्रतः ।
आगच्छन् शङ्करं दृष्ट्वा शार्दूलपदमातनोत् ॥

–**श्रीप्रभावकचरित**, ''हेमचन्द्रसूरि-चरित'', २२४-२२५

''પ્રાસાદ''નો અર્થ નિવાસયોગ્ય ''મહાલય'' પણ થાય છે; પ્રાચીનતર સાહિત્યમાં મૌલિક અર્થ અને સંદર્ભો તો વિશેષે એ પ્રકારે જ મળે છે : પણ પ્રભાવકચરિતકારે બન્ને સ્થળે જયસિંહમેરુને સ્પષ્ટતઃ મહેશ્વરનું મંદિર કહ્યું હોઈ તે મુદ્દા પર આથી સાંપ્રત સંદર્ભમાં કોઈ સંશય-સ્થિતિ રહેતી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંપ્રતિ વિષયસંબદ્ધ ઉપર રજૂ કરેલ જૈન સ્રોતો અતિરિક્ત બ્રાહ્મણીય ગ્રંથ **સરસ્વતીપુરાણ**માં[૨૦] પણ પ્રસ્તુત શિવાલયનો ઉલ્લેખ થયો છે અને ત્યાં તેનું નામ સંદર્ભ અને નિર્દેશ પરથી "સિદ્ધમેરુ" હોવાનું સાફ અનુમાન થઈ શકે છે : યથા :

कारितः **सिद्धराजेन** स्वपुरस्य तु मध्यतः ।
**प्रासादो मेरु**रित्यस्ति तस्य नाम्नोपलक्षितः ॥
–**सरस्वतीपुराण**–सर्ग १५–२०१

એ તો સ્પષ્ટ જ છે કે "જયસિંહમેરુ" અને "સિદ્ધરાજમેરુ" એ બન્ને પર્યાયવાચી અભિધાનો છે. આ સ્વતન્ત્ર અને સમર્થક પૌરાણિક ગ્રન્થ ઉપર ટાંક્યો છે તે **પ્રભાવકચરિત** ગ્રન્થથી પણ વિશેષ પ્રાચીન[૨૧], મોટે ભાગે તો સિદ્ધરાજકાલીન જ, હોઈ એથી પણ અધિક વિશ્વસનીય છે. સિદ્ધરાજના નામ પરથી નિર્માણ થયેલા, અને કુમારપાળના રાજ્યારોહણ પૂર્વે રચાઈ ગયેલ, મેરુવર્ગના મહાન્ પ્રાસાદનો કર્ત્તા સ્વયં સિદ્ધરાજ જ હોઈ શકે. પ્રાસાદ નગરના મધ્યભાગમાં રચાયો હતો તેવી વિશેષ હકીકત પણ અહીં જાણવા મળે છે.

પ્રસ્તુત "સિદ્ધમેરુપ્રાસાદ"ના નિર્માણકાળ વિષે કેટલોક પ્રાથમિક અંદાજ થઈ શકે તેમ છે. સિદ્ધપુરના "રુદ્રમહાલય"ની રચના સિદ્ધરાજના માલવવિજય પછી જ, અને એથી ઈ૦ સ૦ ૧૧૩૫-૩૬ બાદ જ, મોટે ભાગે ઈ૦ સ૦ ૧૧૪૨ના અરસામાં, થઈ હોવાનો સંભવ છે[૨૨] : સિદ્ધપુર-સ્થિત "સિદ્ધવિહાર" પણ એ જ અરસામાં બન્યો હશે[૨૩]. "સહસ્રલિંગતટાક" જ્યારે સિદ્ધરાજ અવંતિના યુદ્ધમાં રોકાયેલો (ઈ૦ સ૦ ૧૧૩૫-૩૬) ત્યારે પૂર્ણ થઈ ગયેલું એવું **પ્રબન્ધચિન્તામણિ** પરથી સૂચિત છે[૨૪] : જ્યારે પાટણના "રાજવિહાર"ની પ્રતિષ્ઠામિતિ **પ્રભાવકચરિત** અનુસાર સં૦ ૧૧૮૩/ઈ૦ સ૦ ૧૧૨૭ના અરસાની છે[૨૫]. "સિદ્ધમેરુ" પ્રસ્તુત "રાજવિહાર"થી કેટલાંક વર્ષો પૂર્વે બંધાઈ ચૂક્યો હશે, જેનાં બે કારણો છે : એક તો એ કે રાજધાનીમાં સિદ્ધરાજ મોટું એવું જૈન મંદિર બંધાવે તેવી ઘટના પૂર્વે તેણે પોતાના કુલક્રમાગત ઈષ્ટદેવ શંભુનું એક મહાન્ મંદિર બંધાવી લીધું હોય તે વિશેષ યુક્ત અને સ્વાભાવિક છે. બીજું આ પ્રમાણે છે : શ્વેતામ્બરાચાર્ય વાદિ દેવસૂરિ અને દિગંબર ભટ્ટારક કુમુદચંદ્રના સિદ્ધરાજની સભામાં થયેલા વાદ સમયે "કેશવ" નામધારી ત્રણ વ્યક્તિઓ ઉપસ્થિત હોવાનું **પ્રભાવક-ચરિત**માં જણાવ્યું છે તે : આમાંની એક તે **સરસ્વતીપુરાણ** અન્તર્ગત (અન્યત્ર ઉલ્લિખિત) સિદ્ધમેરુ (ના પરિસર)માં રહેનાર, કેશવ પંડિત હોવાનું (સ્વ૦) કન્હૈયાલાલ ભાઈશંકર દવેનું અનુમાન સતર્ક લાગે છે[૨૬]; આ અંદાજના આધારે એમ કહી શકાય કે 'સિદ્ધમેરુ' કિંવા 'જયસિંહમેરુ' પ્રાસાદ શ્વેતામ્બર-દિગંબર વાદના સમયથી પૂર્વે, એટલે કે ઈ૦ સ૦ ૧૧૨૫ પહેલાં, બંધાઈ ગયો હશે. ચૌલુક્યકાલીન ઇતિહાસના પીઢ વેત્તાઓ સિદ્ધરાજનો સોરઠ-વિજય "સિંહ-સંવત"ના પ્રારંભના વર્ષમાં, એટલે કે ઈ૦ સ૦ ૧૧૧૪ના અરસામાં, મૂકે છે. પ્રસ્તુત વિજય બાદ, અને ઈ૦ સ૦ ૧૧૨૫ પહેલાં, શિવના આ મહાન્ પ્રાસાદનું નિર્માણ થયું હોવાનું સંભવે છે[૨૭].

મહમૂદ ગઝનીના આક્રમણ પછી બંધાયેલા સોલંકીકાલીન અણહિલ્લપાટણનાં દેવમંદિરોનો પહેલી વાર વિધ્વંસ તો ભીમદેવ દ્વિતીયના સમયમાં ઈ૦ સ૦ ૧૧૯૭ તેમ જ ૧૨૧૯ના અરસાનાં ખતરનાક મુસ્લિમ આક્રમણોમાં થઈ ચૂકેલો. તેમાંથી બચ્યું હશે તે, અને વાઘેલા યુગમાં સર્જાયું હશે તે, સૌનો ઘોર વિનાશ ખીલજી સમયના મુસ્લિમ આક્રમણથી (ઈ૦ સ૦ ૧૨૯૮-૧૩૦૫) અને પછીના મુસ્લિમ શાસનને કારણે થઈ ચૂક્યો જણાય છે. ત્યાંની ભૂમિતળ ઉપરના ભાગે દેખાતી હશે તે તમામ ધાર્મિક અને નાગરિક સંરચનાઓ ૧૪મી શતાબ્દીના આરંભે પૂર્ણતયા નષ્ટ થઈ ચૂકી છે[૨૮]. તદન્વયે આજે પાટણમાં સોલંકીયુગનાં મંદિરોના અવશેષો-અભિલેખો અતિ અલ્પ માત્રામાં મળે છે; પણ મધ્યકાલીન સાહિત્યમાં તેમાંથી ઘણાના સગડ મળતા હોઈ તેમની એક કાળે રહેલી હસ્તીનું પ્રાથમિક અને નિઃશંક પ્રમાણ સાંપડી રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધરાજ-કારિત એક અન્ય બૃહદ્કાયપ્રાસાદ વડનગર—વૃદ્ધનગર, પુરાણા આનંદપુર—માં હતો એવી ધારણા થવા માટે થોડાંક કારણો છે. ઉપલબ્ધ મધ્યકાલીન સાહિત્યમાંથી તો અલબત્ત એવું કોઈ સૂચન મળતું નથી[૨૯]; કે નથી તત્સંબંધ લભ્ય કોઈ અભિલેખીય પ્રમાણ; પરન્તુ આ ઘટના અનુલક્ષે પુરાતત્ત્વનો એક સ્પષ્ટ પુરાવો છે વડનગરમાં બે પ્રસિદ્ધ અને અત્યુન્નત અને અલંકાર-પ્રચુર તોરણો, જે મૂળે કોઈ (હાલ વિલુપ્ત એવા) મહામંદિરના પરિસરમાં હતાં; તેની અવસ્થિતિ જોતાં અસલમાં ત્યાં પણ રુદ્રમહાલયની જેમ ત્રણ મુક્ત તોરણો મુખ્ય મંદિરના સંદર્ભમાં હતાં તેમ લાગે છે[૩૦]. તેમાં વચ્ચેનું હશે તે તોરણના ઉપરના ઇલ્લિકાવલણમાં મધ્યમૂર્તિરૂપે સ્કન્દ-કાર્તિકેય બિરાજમાન છે[૩૧]. મુખ્ય તોરણ શૈવ હોઈ પ્રાસાદ શિવનો હશે અને તેનું કદ લગભગ રુદ્રમહાલયપ્રાસાદ જેવડું જ હશે તેમ તોરણોની અવગાહનાને આધારે કલ્પી શકાય[૩૨]. પ્રાસાદ આથી વાસ્તુશાસ્ત્રોમાં વર્ણિત મેરુ જાતિનો હોવો જોઈએ. તોરણોની વાસ્તુ-શૈલી નિર્વિવાદ સિદ્ધરાજના કાળની છે. અને મેરુ જાતિના પ્રાસાદો રાજન્યો સિવાય અન્ય કોઈ ન કરાવી શકે તેવું 'મરુગૂર્જર' વાસ્તુશાસ્ત્રોમાં સ્પષ્ટ વિધાન હોઈ[૩૩], તેમ જ બહુ મોટાં, ગગનગામી શિખરોવાળાં, મંદિરો ઊભાં કરવાનું સાહસ તો અતિ ધનિક શ્રેષ્ઠીવરોની કે સંપન્ન દંડનાયકો-મંત્રીઓએ પણ વ્યાવહારિક કિંવા લોકધર્મની મર્યાદાને કારણે કર્યું નથી, તેમ જ આ કાર્ય પાશુપાતાચાર્યોની પણ ગુંજાશ બહાર હોઈ વડનગરનો હાલ વિનષ્ટ એવો શિવનો મહાપ્રાસાદ એ કાળે તો જયસિંહદેવ સિદ્ધરાજ સિવાય બીજા કોણે કરાવ્યાનું કલ્પી શકાય?[૩૪] સિદ્ધરાજનાં સુકૃતોની નોંધ લેતે સમયે અદ્યાવધિ ઉપેક્ષિત રહેલ અણહિલપત્તનના "સિદ્ધમેરુ" કિંવા "જયસિંહમેરુપ્રાસાદ"નો, અને વડનગરના આ સિદ્ધરાજ વિનિર્મિત મેરુ-મંદિરનો પણ સોલંકી ઇતિહાસને સવિગત આલેખનાર ભવિષ્યના ઇતિહાસવેત્તાઓ સમાવેશ કરશે તેવી આશા વધુ પડતી નથી.

લેખની કેન્દ્રવર્તી વાત તો અહીં સમાપ્ત થાય છે; કિન્તુ સહસ્રલિંગ-તડાગ સમ્બદ્ધ પ્રકાંડ પુરાવિદ્ રમણલાલ નાગરજી મહેતાના આ પૂર્વે પ્રકાશિત થયેલા અભ્યસનીય લેખ (વિગત માટે જુઓ અહીં ટિપ્પણી ૨૪)નાં બે'એક અવલોકનો વિચારણીય હોઈ અહીં આડપેદાશ રૂપે તેનું કેટલુંક પરીક્ષણ આવશ્યક માન્યું છે. "સહસ્રલિંગ" શબ્દથી શું અભિપ્રેત છે તે સંબંધમાં અહીં એમના ઉદ્ગારો-વિચારો ઉટંકી આગળ અવલોકન કરીશું :

"દશાશ્વમેધતીર્થ પછી સરસ્વતીપુરાણ સહસ્રલિંગની હકીકત આપે છે. તેથી કેટલીક ચર્ચા જરૂરી છે. પાટણના સહસ્રલિંગ તળાવ પર નાની નાની હજાર દેરીઓ હોવાની કલ્પના આજે સ્વીકારાય છે. આ કલ્પનાનુસાર તળાવને કાંઠે અસંખ્ય શિવમંદિરોની હસ્તી હોવાની શક્યતા જણાય. સરસ્વતીપુરાણ આ કલ્પનાને ટેકો આપતું નથી. પુરાવસ્તુ પણ આ કલ્પનાની વિરુદ્ધ હોવાનાં પ્રમાણો છે. તેથી સહસ્રલિંગ માટે બીજો વિકલ્પ વિચારવો પડે.

પાટણમાં સહસ્રલિંગની પરિપાટીમાં બે વિકલ્પો છે. પ્રથમ વિકલ્પ હિંગલાજ માતાના મંદિરમાં નાનાં નાનાં શિવલિંગોની સ્થાપના છે. ઋષિકેશના મંદિરમાં એક લિંગ પર ઘણા આંકા પાડીને સહસ્રલિંગ બનાવ્યાં છે એ બીજો વિકલ્પ છે. સરસ્વતીપુરાણ દશાશ્વમેધતીર્થ પછી સહસ્રલિંગનું વર્ણન કરે છે. તે જોતાં તળાવના પૂર્વ કિનારે તે હોવાનું લાગે છે. આ સ્થળે હાલની રેલવેની દક્ષિણે રાજગઢી પાસે આરસપહાણના ઉપયોગવાળું શિવાલય હોવાનું તેના અવશેષો પરથી સમજાય છે. આ મોટું શિવાલય સહસ્રલિંગનું હોવાનો સંભવ છે. આથી સહસ્રલિંગનું એકમાત્ર સુંદર શિવાલય હિંગલાજ કે ઋષિકેશ દર્શાવે છે તેવા વિકલ્પ પૈકી એક વિકલ્પનું રાજગઢી પાસે બાંધવામાં આવ્યું હોવાની સપ્રમાણ કલ્પના થઈ શકે છે."[૩૫]

શ્રી મહેતાનાં વિધાનો જૂનાં મૂળ સ્રોતોના સંદર્ભ જોતાં પરીક્ષણીય જણાતાં હોઈ અહીં તે પર હવે વિગતવાર જોઈએ. **સરસ્વતીપુરાણ**માં સિદ્ધરાજે સિદ્ધરાજસર તટે એક હજાર લિંગોની એક સમયે સ્થાપના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્યાનું કહ્યું છે. ('લિંગ' શબ્દ અહીં બહુવચનમાં છે, જે સૂચક છે[૩૬].) યથા :

> क्षेत्रमेतत्समाख्यातं, **सिद्धराजसरः** स्थितम् ॥३७६॥
> यदा तु **सिद्धराजेन**, समकालं प्रतिष्ठितम् ।
> **सहस्त्रं** तत्र **लिङ्गानां** तस्यैव च **सरस्तटे** ॥३७७॥
> समाराध्य तथा देवी तत्रानीता **सरस्वती** ॥३७८॥
>
> – **सरस्वतीपुराण** सर्ग १५. ३७६–३७७–३७८

જો કે પુરાણકાર અહીં ૧૦૦૦ "લિંગો" સ્થાપ્યાનું કહે છે, પણ તેનાથી પ્રસ્તુત "લિંગો ધરાવતી કુલિકાઓ" એવો અર્થ પણ વ્યવહારમાં અયુક્ત નથી. (સિદ્ધરાજ જેવો રાજા પોતાના તળાવ કાંઠે નાનાં નાનાં હજાર શિવલિંગોનો ખડકલો એક સ્થાને એક જ મંદિરમાં કરી દે કે કેવળ એક લિંગ પર હજાર લિંગ કોતરાવે તે વાત કઈ ગળે ઊતરે તેવી લાગતી નથી.) ઉદાહરણરૂપે વાતાપિપતિ કર્ણાટરાજ વિનયાદિત્ય ચાલુક્યની રાણી વિનયવતીએ નગરના તટાકના ઉપકંઠમાં ત્રૈપુરુષદેવ (બ્રહ્મા-વિષ્ણુ-શિવ) સ્થાપ્યાના ઈ૦ સ૦ ૬૯૯ના શિલાલેખમાં પ્રાસાદનું નામ સરખું આપ્યું નથી; છતાં આ મૂર્તિઓ જેમાં હશે અને જેના મુખમંડપના સ્તંભ પર પ્રસ્તુત લેખ કંડારેલો છે, તે દેવાલય-ત્રયનું ઝૂમખું આજ પણ ત્યાં ઊભું છે. એ જ પ્રમાણે કમ્બુજ-દેશના ઘણા શિલાલેખોમાં ભાષા જોતાં ઉપલક દૃષ્ટિએ એમ લાગે કે તે સૌ દાખલાઓમાં કેવળ લિંગ-પ્રતિમાદિ સ્થાપનાની જ વાત છે; પણ વાસ્તવમાં તો સ્રોતગત સન્દર્ભથી લિંગ વા પ્રતિમાયુક્ત દેવાલય અભિપ્રેય હોવાનું જ જોવા મળ્યું છે[૩૭].

છતાં **સરસ્વતીપુરાણ**નું કથન દ્વિધાપૂર્ણ લાગતું હોય તો પ્રસ્તુત પુરાણના કર્ત્તા અતિરિક્ત રાજા સિદ્ધરાજના સમકાલિક લેખક આચાર્ય હેમચંદ્રનું એ મુદ્દા પરનું કથન અસંદિગ્ધ શબ્દોમાં ઉપલબ્ધ છે[૩૮] : યથા :

> **शंभोः सहस्त्रमष्टौ चायतनानि सरस्तटे** ॥
>
> –**द्व्याश्रयमहाकाव्य** सर्ग १५.११७

આ સૂત્રનો સીધો અને સાફ અર્થ "તળાવને કાંઠે શિવનાં ૧૦૦૮ "આયતનો" એટલે કે દેવકુલો કરાવ્યાં એવો જ નીકળે છે. વૃત્તિકારે પણ **स्पष्टः** એટલું જ કહી ત્યાં કોઈ વ્યાખ્યા કરી નથી. (વૃત્તિકારે માન્યું છે કે આ વાત સ્વતઃ સિદ્ધ છે; એથી તે સંબંધી વિવરણ દેવાનું અનાવશ્યક છે.) જો સહસ્રલિંગનું કેવળ સંકેત-સ્વરૂપ "એક જ લિંગયુક્ત મંદિર," કે "નાનાં નાનાં હજારેક લિંગોનો સમૂહ સ્થાપ્યો હોય તેવું એક મંદિર" ઉપલક્ષિત હોત તો शंभुसद्मः सहस्त्रलिङ्गाभिधानः सरस्तटे ॥ એના જેવું કંઈક વિધાન મળત; आयतनानि અને शंभोः એવા બહુવચનદર્શક શબ્દો ત્યાં ન હોત. **દ્વ્યાશ્રયમહાકાવ્ય**ની રચના સરોવર અને તેના ઉપકંઠ પરની અન્ય મુખ્ય મુખ્ય દેવસ્થાનોની રચનાઓ થઈ ગયા પછી, લગભગ ૧૩-૧૪ વર્ષના ટૂંકા ગાળા બાદ પૂર્ણ થઈ હોઈ (આ૦ ઈ૦ સ૦ ૧૦૪૦-૧૧૫૦), તેમજ આચાર્ય હેમચંદ્ર અન્યથા સિદ્ધરાજના સમકાલીન હોઈ, અને અણહિલ્લપત્તનથી પણ ખૂબ પરિચિત હોઈ, તેમના આ સ્પષ્ટ વિધાન પર ધ્યાન દેવું ઘટે. એ જ પ્રમાણે વૃત્તિકાર અભયતિલક ગણિ પણ ૧૩મા શતકના મધ્ય ભાગે થઈ ગયા છે, અને તેમના સમયમાં તળાવ કાંઠે રહેલી સરસ્વતીપુરાણોક્ત તેમ જ **દ્વ્યાશ્રય**-કથિત રચનાઓમાંથી ઘણીખરી હજુ મોજૂદ હશે; તેથી તેમનું કથન પણ વિશ્વાસપાત્ર માની શકાય.

સાંપ્રત ચર્ચાને ઉપકારક એક વિશેષ પ્રમાણ ભૃગુકચ્છના જિન મુનિસુવ્રતના પુરાતન મંદિરના આસ્થાન વિદ્વાન્, મુનિ જયસિંહસૂરિના રચેલ **હમ્મીરમદમર્દન** નાટક (આ૦ ઈ૦ સ૦ ૧૨૨૫)માં મળે છે. ત્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૂર્જર નૃપની રાજધાની (અણહિલપત્તન) સંબદ્ધ રાણક વીરધવળ દ્વારા થયેલ વર્ણનમાં સહસ્રલિંગ તટાકનું ''સિદ્ધરાજસાગર'' નામક ''સર'' એવું અભિધાન મળે છે અને તેના ઉપલક્ષમાં **सहस्र-सङ्ख्य-शशिशेखर-सुरगृह** તથા **हर-सहस्रालिक**[૩૯] સરખા ઉપલી વાતને પુષ્ટિ દેતા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે[૪૦]. સોલંકીકાલીન લેખકોનાં આ લેખિત પ્રમાણો લક્ષ્યમાં લેતાં સાંપ્રત વિદ્વાનોએ સહસ્રલિંગ-તટાકને કાંઠે શિવની હજાર દેહરીઓ હોવાની જે કલ્પના કરી છે તે અવશ્ય સ્વીકારવા યોગ્ય છે.

શ્રીમન્ મહેતાએ તળાવ સંબંધી તળચ્છન્દનું માનચિત્ર પ્રગટ કર્યું છે[૪૧]. તેમાં પૂર્વ બાજુની પાળ પાસેના દશાશ્વમેધતીર્થ અને પશ્ચિમ પાળ સમીપ ક્યાંક રહેલ શક્તિપીઠ વચ્ચેનો પરિધિ પરનો બહુ મોટો ગાળો, લગભગ ૨૫૦૦-૩૦૦૦ ફીટ જેટલો, ખાલી રહે છે : અને બરોબર ત્યાં આગળ ક્યાંક સહસ્રલિંગ-તીર્થ હોવાનું **સરસ્વતીપુરાણ** કહે છે. સહસ્રલિંગ-તીર્થની ૧૦૦૮ દેવકુલિકાઓ અહીં પર—જે મૂળે બાંધેલી પાકી પાળ હશે તે પર—સ્થાપેલી હશે[૪૨].

આ અનુલક્ષે વીરમગ્રામના, વાઘેલા રાણક વીરમદેવના તટાક (આ૦ ઈ૦ સ૦ ૧૨૩૯-૪૦)નું દૃષ્ટાંત સમર્થન રૂપે ટાંકી શકાય. ત્યાં તળાવના કાંઠા અંદરની પથ્થરની પાજ પર અસલમાં લગભગ ૫૨૦ દેવકુલિકાઓ હતી, જેમાંની કેટલીક તો ઠીક ઠીક સંખ્યામાં આજે પણ ત્યાં ઊભેલી છે[૪૩]. સંભવ છે કે ત્યાં તળાવની પાળે દેવકુલિકાઓ કરવાની પ્રેરણા સહસ્રલિંગના દૃષ્ટાંત પરથી મળી હોય[૪૪]. ફરક એટલો છે કે વીરમગ્રામમાં પાળ પર ચારે દિશામાં ફરતી દેહરીઓ હતી તેવું અનુમાન થઈ શકે છે; જ્યારે પાટણના વિશાલતર તળાવની કેવળ અર્ધી પાળ તે માટે રોકાયેલી હશે એવું અનુમાન થઈ શકે. (વીરમગ્રામ આમ આ મુદ્દા પર આયોજનનો વિશેષ વિકાસ દર્શાવી જાય છે.)

સરસ્વતીપુરાણકાર પ્રસ્તુત કાસારને ''સિદ્ધરાજસર'' કહે છે. સોમેશ્વર કવિ[૪૫], અરસી ઠક્કુર[૪૬] તથા જયમંગલસૂરિ[૪૭] ''સિદ્ધભૂપતિસર'', અને જયસિંહસૂરિ ''સિદ્ધરાજસાગર'' નામ આપે છે[૪૮]. તળાવનું વિધિસરનું નામ તો આ જ જણાય છે; પણ એ યુગમાં નવીન અને અને ધ્યાન ખેંચે તેવી અંતર-પાળ પરની ૧૦૦૮ શિવકુલિકાઓની રચનાને લીધે લોકવાણીમાં તે ''સહસ્રલિંગ-તડાગ'' નામે સુવિશ્રુત હશે અને એથી પ્રબંધકારોએ પ્રધાનતયા તત્ અભિધાન વાપરવું પસંદ કર્યું છે : અને જનભાષામાં આજ દિવસ સુધી ''સહસ્રલિંગ તળાવ'' નામ જ પ્રસિદ્ધિમાં છે.

મહાભાગ મહેતા સહસ્રલિંગ-સરને અનુલક્ષીને જયમંગલસૂરિએ આપેલી વીણાના તુમ્બ અને દંડની ઉપમા સંબંધમાં ''તોરણને દંડની ઉપમા'' અપાયાનું કહે છે[૪૯]; પણ સહસ્રલિંગને કાંઠે ''તોરણ'' હોવાનું તો કોઈ પણ મધ્યકાલીન લેખકે કહ્યું હોવાનું મારા તો ધ્યાનમાં નથી. હેમચંદ્રાચાર્યે પણ ત્યાં ''કીર્ત્તિસ્તંભ'' હોવાનું જણાવ્યું છે[૫૦] : વાઘેલા માંડલિક રાણક વીરધવલના રાજપુરોહિત અને વસ્તુપાલ-મિત્ર કવિ સોમેશ્વર પણ **કીર્ત્તિકૌમુદી** (આ૦ ઈ૦ સ૦ ૧૧૨૫-૧૨૩૦)માં[૫૧], તેમ જ કવિવર ઠક્કુર અરસિંહ સ્વકૃત **સુકૃતસંકીર્તન-મહાકાવ્ય** (આ૦ ઈ૦ સ૦ ૧૨૩૦-૩૨)માં કીર્ત્તિસ્તંભની જ નોંધ લે છે[૫૨]. અને છેલ્લે નિવૃત્તિગચ્છીય અંબદેવસૂરિના **સમારારાસુ** (સં૦ ૧૩૭૧/ઈ૦ સ૦ ૧૩૧૫)માં પણ કીર્ત્તિસ્તંભનો જ ઉલ્લેખ છે[૫૩].

જયમંગલ સૂરિના મૂળ શ્લોક તથા ઉદ્ધરણના સ્થાન વિષે તલાશ કરતાં શ્રી મહેતા દ્વારા ઉલ્લિખિત ''પ્રબંધચિંતામણિ પરની રાજશેખરની ટીકા'' તો ક્યાંયથી પ્રાપ્ત ન થઈ શકી[૫૪], પણ સ્વયં **પ્રબંધચિંતામણિ**માં જ તે જોવા મળ્યાં. ત્યાં ઉદ્ધરણ આ પ્રમાણે છે[૫૫] :

> अथ कदाचिद्राज्ञा ग्रथिलाचार्या **जयमङ्गलसूरयः** पुरवर्णनं पृष्टा ऊचुः ।
> एतस्यास्य पुरस्य पौरवनिताचातुर्यतानिर्जिता
> मन्ये हन्त सरस्वती जडतया नीरं वहन्ती स्थिता ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**कीर्त्तिस्तम्भ**मिषोच्चदण्डरुचिरामुत्सृज्य बाहोर्बलात्तन्त्रीकां
गुरु**सिद्धभूपतिसर**स्तुम्बां निजां कच्छपीम् ॥

અહીં પણ સ્પષ્ટતઃ કીર્ત્તિસ્તંભને (કચ્છપી-વીણાનો) દંડ માન્યો છે[૫૬], તોરણનો ઉલ્લેખ નથી. (જયમંગલ સૂરિ બૃહદ્‌ગચ્છીય વાદીન્દ્ર દેવસૂરિ-શિષ્ય રામચંદ્ર સૂરિના શિષ્ય હતા. તેમની વિદ્યમાનતાનો સમય ઈસ્વીસનની **૧**૩મી શતાબ્દીનું બીજું-ત્રીજું ચરણ છે[૫૭].)

જયમંગલસૂરિ, અરસી ઠક્કુર, કે **સમરારાસુ**ના કર્ત્તા અંબદેવસૂરિ ઇજનેર કે પુરાતત્ત્વવિદ્ નહીં પણ કવિજન હોઈ તેમની વાત સ્વાભાવિક જ કવિસુલભ ઉપમાઓ દ્વારા જ વ્યક્ત થાય[૫૮]. બીજી બાજુ મધ્યકાલીન પૌરાણિક પરંપરામાં પણ તીર્થોનાં માહાત્મ્યો ગાવા સિવાય તેના વાસ્તવિક ઇતિહાસ કે સંરચનાની વિગતો બિલકુલ આપવામાં આવતી નથી; પણ **સરસ્વતીપુરાણ** તેમાં એક વિરલ અપવાદ છે અને તેમાં સહસ્રલિંગસર વિષયે અપાયેલી માહિતી આશ્ચર્યકારક રીતે સવિગત હોવા ઉપરાંત સાચી હોવા અંગે સંદેહને સ્થાન નથી.

---

ટિપ્પણો :

૧. આ બે વાસ્તુકૃતિઓનાં સર્જન સંબંધમાં વિદ્વદ્‌વર્ગને જ્ઞાત એવા મધ્યકાલીન સાહિત્યના ઉલ્લેખો ઉપરાંત (ઐતિહાસિક દૃષ્ટિએ કેટલેક અંશે અવિશ્વસનીય એવી) સિદ્ધરાજોપલક્ષિત લોકકથાઓ પણ જાણીતી છે.

૨. જુઓ મારો લેખ "સિદ્ધરાજ-કારિત-જિનમંદિરો," **ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક** અંક ૧, મુંબઈ જાન્યુઆરી-માર્ચ ૧૯૭૭, પૃ૦ ૧-૧૨.

૩. રુદ્રમહાલયના અવશેષો તેમ જ સહસ્રલિંગ-તટાકના ઉત્ખનન દ્વારા પ્રકાશમાં આવેલા એના પરિસરના થોડા મંદિરાદિ ભગ્નાવશેષો.

૪. "રાજવિહાર" અને "સિદ્ધવિહાર" સંબંધમાં હાલ તો માત્ર વાઙ્મયના ઉલ્લેખો જ પ્રાપ્ત છે.

૫. ઈ૦ સ૦ ૧૦૯૫થી ૧૧૪૪-૪૫.

૬. યથા :

**दशावतारीं** प्रकृतव्याख्यामत्र व्यधत्त सः ।
- **द्व्याश्रयकाव्य** सर्ग १५.११९
स राजात्र सरस्तटे "**दशावतारीं**" नारायणदशावतारप्रतिमाप्रासादं "व्यधत्त" कारयत् ।
- **वृत्ति**

તથા

न्युरून्**कीर्त्तिस्तम्भा**निव सुरगृहाणि व्यरचयत् ॥
- **द्व्याश्रयकाव्य**, सर्ग १५-१२२"
स राजा "सुरगृहाणि" प्रासादान् महाकीर्त्तिहेतुत्वेनोरून्महतः "**कीर्तिस्तम्भा**निवाशु "व्यरचयत्" अकारयत् ।
- **वृत्ति**

(*Cf.* Abji Vishnu, Kathvate, Bombay Sanskrit and Prakrit Series, No. LXXVI, Bombay 1915, pp. 257 and 259.)

૭. જુઓ સિંઘી જૈન ગ્રન્થમાલા, ગ્રન્થાંક ૧, સં૦ જિનવિજય મુનિ૦, શાન્તિનિકેતન ૧૯૩૩, પૃ૦ ૫૫. ૭૦-૭૧. 'કર્ણમેરુ' સમ્બન્ધમાં અન્ય પણ ઉલ્લેખો સંપ્રાપ્ત છે.

૮. **દ્વ્યાશ્રય,** સર્ગ ૨૦. ૧૦. તથા વ્યાખ્યા.

૯. જુઓ **कुमारपालचरित्रसंग्रह,** સં૦ आचार्य जिनविजयमुनि, સિંઘી જૈન ગ્રન્થમાલા, ગ્રન્થાંક ૪૧, મુંબઈ ૧૯૫૬,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૃ૰ ૫૧.

૧૦. એજન; "प्रास्ताविक", પૃ૰ ૪.

૧૧. એજન, પૃ૰ ૧૫.

૧૨. મોહનલાલ દલીચંદ દેશાઈ, **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ,** મુંબઈ ૧૯૩૩, પૃ૰ ૪૩૨, કંડિકા ૬૩૩.

૧૩. એજન; તથા જિનવિજયજી, "પ્રાસ્તાવિક," **कु. च. सं.** पृ० ३. મુનિજીએ પ્રસ્તુત સ્તવનું પૂરું નામ ત્યાં "ત્રિપુરાભારતીલઘુસ્તવ' નોંધ્યું છે.

૧૪. દેશાઈ (પૃ૰ ૪૩૨ ઉપર) આનો સમય સં૰ ૧૪૧૮/ઈ૰ સ૰ ૧૩૬૨નો પ્રશ્નાર્થ સહ સૂચવે છે પણ ત્યાં તે માટેનો આધાર બતાવ્યો નથી.

૧૫. જિનવિજયજી, "प्रास्ताविक", **कु. चं. सं.** पृ०

૧૬. એજન, પૃ૰ ૨.

૧૭. એજન, પૃ૰ ૨-૬.

૧૮. **प्रभावकचरित,** સં૰ જિનવિજયમુનિ, સિંધી જૈન ગ્રન્થમાલા, ગ્રન્થાંક ૧૩, અહમદાબાદ-કલકત્તા ૧૯૪૦.

૧૯. જિનવિજય, **प्रभावक.,** પૃ૰ ૧૧૧.

૨૦. સં૰ કન્હૈયાલાલ ભાઈશંકર દવે, શ્રીફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ વિ૰ સં૰ ૧૯૯૬ (સન્ ૧૯૪૦). એમની સંપાદકીય પ્રસ્તાવના મહત્ત્વપૂર્ણ છે. એનો અમુકાંશે આધાર આ લેખમાં લીધો છે.

૨૧. **સરસ્વતીપુરાણ**નો રચનાકાળ સિદ્ધરાજના શાસનનાં અન્તિમ વર્ષો અંતર્ગત હશે તેવું અંદરની વસ્તુના નિરીક્ષણ પરથી જણાય છે.

૨૨. સિદ્ધપુરના રુદ્રમહાલયના બાંધકામની અને તે પછીની દેખરેખ રાખવાનો ભાર જેને સોંપેલો તે આલિગ મંત્રીને સિદ્ધરાજે અરસામાં ગ્રામ-ગ્રાસ આપ્યાનું (સ્વ૰) મુનિ જિનવિજયજીએ "પ્રાચીન ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસની સાધન-સામગ્રી" (ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ)માં નોંધ્યું છે તેવું (સ્વ૰) દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી કહે છે : (જુઓ એમનો **ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ,** સંશોધન ગ્રંથમાળા, ગ્રંથાંક ૪૧મો, સંસ્કરણ ૨જું, અમદાવાદ ૧૯૫૩, પૃ૰ ૩૭૭.) (શાસ્ત્રીજીએ જિનવિજયજીનો પ્રસ્તુત નિબંધ કઈ સાલમાં વંચાયો હતો, અને છપાયો હતો કે કેમ તે વિષય પર કોઈ જ નોંધ ત્યાં લીધી નથી. આની ખોજ કરતાં ખબર પડી કે મુનિજીએ સન્ ૧૯૩૩માં ગુજરાત સાહિત્ય સભામાં આપેલ વ્યાખ્યાનમાં આવી નોંધ લીધેલી. પ્રસ્તુત વ્યાખ્યાનનું પુનર્મુદ્રણ (અમદાવાદ ૧૯૯૫) થયું છે તેમાં પૃ૰ ૩૭ પર તે વિષયમાં ટૂંકી નોંધ આપેલી છે. ત્યાં ઘટના સંવત્ 1189 / ઈ૰ સ૰ ૧૧૩૩ નોંધાયેલો છે.)

રુદ્રમહાલય બાંધવાની પ્રેરણા સિદ્ધરાજને ઉજ્જયનીના સુપ્રસિદ્ધ મહાકાલેશ્વરના મંદિર પરથી મળી લાગે છે. સિદ્ધરાજે રુદ્રમહાલયના ધ્વજારોહણ સમયે જૈન મંદિરો (તેમ જ સંભવતયા શૈવેતર બ્રાહ્મણીય દેવાલયો) પરની ધ્વજા ઉતારી નાખવાની આજ્ઞા, ઉજ્જયનીના મહાકાલ મંદિર સંબંધી એવી પ્રથાના અનુકરણ રૂપે, આપેલી તેવું **પ્રબન્ધચિન્તામણિ** આદિ જૈન પ્રબન્ધોનું કથન છે, જે સામ્પ્રત સંદર્ભમાં સૂચક બની રહે છે. વિશેષમાં રુદ્રમહાલયના સ્તંભો પર માલવી સ્થાપત્યની સ્પષ્ટ અસર, અને એથી માલવાનો પરિચય-પરામર્શ વરતાય છે, જે ગુજરાતમાં આ પૂર્વેનાં કોઈ દૃષ્ટાંતોમાં જોવા મળતો નથી. આ પરિસ્થિતિ સિદ્ધરાજના માલવ-વિજય પછી ઘટી હોવાની કલ્પના ઐતિહાસિક ઘટનાક્રમ સાથે સુસંગત છે.

૨૩. પ્રસ્તુત ગ્રામ-દાન આલિગ મંત્રીને 'રુદ્રમહાલય' તથા 'રાજવિહાર' એમ બન્ને દેવાલયોની રચના સિદ્ધપુરમાં પૂરી થઈ તેમાં પ્રતિષ્ઠા થયાના શુભાવસરે દેવાયું હશે તેવું અનુમાન સમુચિત જણાય છે.

૨૪. યથા :

ततस्तेनैवामर्षेण मालवमण्डलं प्रति प्रतिष्ठासुः सचिवान् शिल्पिनश्च **सहस्त्रलिङ्ग**-धर्मस्थानकर्मस्थाये नियोज्य, त्वरितगत्या तस्मिन्निष्पद्यमाने नृपतिः प्रयाणकमकरोत् । જિનવિજયજી, **प्रबन्धचिंतामणि,** (સિંધી જૈન ગ્રન્થમાલા ગ્રન્થાંક ૧), શાંતિનિકેતન, ૧૯૩૩, પૃ૰ ૫૮; અને ત્યાં સ્કન્ધાવારમાં રાજાને સહસ્રલિંગતટાક વર્ષાકાળ પછી પાણીથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભરાઈ ગયા હોવાના સમાચાર મળેલા (......**सहस्त्रलिङ्गसरो भृतमिति स्वामिन्**....... ઇત્યાદિ : એજન, પૃ૦ ૬૨.)

માલવયુદ્ધ પછી પરમારરાજ યશોવર્માને કેદ કરી પાટણ લાવ્યા બાદ સિદ્ધરાજે તેને રાજધાનીમાં ત્રિપુરુષપ્રાસાદાદિ મહત્ત્વની વાસ્તુકૃતિઓ બતાવેલી, જેમાં સહસ્રલિઙ્ગસરનો પણ સમાવેશ હતો : યથા :

अथ श्री**सिद्धराजेन** पत्तने यशोवर्मराज्ञस्त्रिपुरुषप्रभृतीन् सर्वानपि राजप्रासादान् **सहस्त्रलिङ्गप्रभृतीनि** च धर्मस्थानानि दर्शयित्वा.....इत्यादिः એજન, પૃ૦ ૬૧.

શ્રી રમણલાલ નગરજી મહેતાના સોળેક વર્ષ પૂર્વે પ્રકાશિત થયેલા ઉપયુક્ત લેખ ''સહસ્રલિંગ તળાવ'' (**સ્વાધ્યાય**, પુ૦ ૧૭. અંક ૪, વિ૦ સં૦ ૨૦૩૬)માં આથી વિપરીત કહેવામાં આવ્યું છે : યથા : ''ઉપલબ્ધ પુરાવાઓ પ્રમાણે માલવાથી આવ્યા પછી સિદ્ધરાજે ઈ૦ સ૦ ૧૧૩૫-૩૬ પછી અર્થાત્ તેની આશરે ૫૮ વર્ષની ઉંમરે આ કામ કરાવ્યું. સિદ્ધરાજ ૧૧૪૩માં, એટલે કે આ કામ શરૂ કરાવીને સાત, આઠ વર્ષે મરણ પામ્યો તેથી તેનું સહસ્રલિઙ્ગના જીર્ણોદ્ધારનું કામ સાત વર્ષમાં પૂરું થયું હોવું જોઈએ.'' (મહેતા, પૃ૦ ૩૮૫) શ્રી મહેતાએ આમ કહેવા માટે (એમને પ્રાપ્ત થયાં હશે તેવાં) આધારભૂત નવીનતમ પ્રમાણો—અભિલેખીય વા સાહિત્યિક, વા બન્ને—ત્યાં ટાંક્યાં **ન** હોઈ હાલ તો તે વિષયમાં વિશેષ જાણી શકાય તેમ નથી.

૨૫. ત્યાં ''देवसूरिचरित'', ૨૭૫.

૨૬. **ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ,** ગ્રંથ ૪, સોલંકીકાલ, (સં૦ રસિકલાલ છોટાલાલ પરીખ અને હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી), સંશોધન ગ્રંથમાલા - ગ્રંથાંક ૬૯, ''આનુશ્રુતિક વૃત્તાંતો'', અમદાવાદ ૧૯૭૬, પૃ૦ ૫૪૨.

૨૭. સોરઠવિજય બાદ જયસિંહદેવે ''સિદ્ધ-ચક્રવર્તિ' બિરુદ ધારણ કર્યું હોવાનું પરિપક્વ ઇતિહાસવેત્તાઓનું અનુમાન છે. એ જ પ્રમાણે 'મેરુ' જાતિના મહાન્ પ્રાસાદનું નિર્માણ આવા કોઈ જ્વલંત વિજય બાદ વિશેષ શોભે તેવો તર્ક કરી શકાય.

૨૮. માત્ર રાણીવાવનાં ''હાડ'' અને સહસ્રલિઙ્ગ-તટાકના રુદ્રકુપ અને નાળ આદિ (જે જમીનના તળથી નીચે રહેલાં અને સરસ્વતીના મહાપુરની રેતીમાં દટાઈ ગયેલાં), તે થોડેક અંશે બચ્યાં છે.

૨૯. **પ્રબન્ધચિંતામણિ**માં ''સિદ્ધરાજાદિપ્રબન્ધ'' અંતર્ગત નગર-મહાસ્થાનના જિન ઋષભ તેમ જ બ્રહ્માના પ્રાસાદોની વાત આવે છે. (પૃ૦ ૬૨-૬૩). ખંભાત પાસેના નગરકમાં ૧૧મી શતાબ્દીના પૂર્વ ભાગમાં મૂકી શકાય તેવી બ્રહ્મદેવ, સાવિત્રી અને (સરસ્વતી?) અને બે ઋષિ-પાર્ષદોની આરસની મૂર્તિઓનું પંચક છે. એટલે આ નગરક તે 'નગર-મહાસ્થાન' હશે તેવું પ્રાથમિક દૃષ્ટિએ લાગે. પણ **પ્રબન્ધચિંતામણિ** સમેત અન્ય મધ્યકાલીન જૈન સાહિત્યમાં ''નગર''થી ''વૃદ્ધનગર'' વિવક્ષિત છે. **પ્રબન્ધચિંતામણિ** નગર-મહાસ્થાનના ઋષભ જિનાલયને ભરત-કારિત કહે છે : અને વિશેષમાં 'નગર' શત્રુંજયની (અતિ પુરાતન કાળે) તળેટી હોવાનું કહે છે. આવી દંતકથાઓ અન્યત્ર જૈન મધ્યકાલીન સાહિત્યમાં વડનગર અને તેના આદિનાથ મંદિર સંબંધે જ મળે છે. જિનપ્રભસૂરિએ પણ **કલ્પપ્રદીપ** અંતર્ગત ૮૪ મહાતીર્થ સંબદ્ધ કલ્પમાં नगरमहास्थाने **श्रीभरतेश्वरकारितः** श्रीयुगादिदेवः । એમ કહ્યું છે : જુઓ, **विविध तीर्थकल्प** (સં૦ જિનવિજય) સિંઘી જૈન ગ્રન્થમાલા ગ્રન્થાંક ૧૦, શાન્તિનિકેતન ૧૯૩૪, પૃ૦ ૮૫) તપગચ્છીય મુનિસુન્દરસૂરિ (ઈસ્વીસનની ૧૫મી શતાબ્દીનું પ્રથમ ચરણ). રચિત **શ્રીજિનસ્તોત્રરત્નકોશ**માં પણ વૃદ્ધનગરાલઙ્કાર શ્રીઋષભદેવસ્તોત્ર''માં વૃદ્ધપુરમાં ભરત ચક્રી પ્રતિષ્ઠિત આદિપ્રભુની લેપ્યમયી મૂર્તિની સ્તુતિ કરી છે. (જુઓ **श्रीजैनस्तोत्रसंग्रह,** द्वितीयो भाग, (સં૦ પં૦ હર્ષચન્દ્ર), શ્રીયશોવિજય જૈન ગ્રન્થમાળા, વારાણસી વી૦ સં૦ ૨૪૩૮ (ઈ૦ સ૦ ૧૯૧૨), પૃ૦ ૫૯). આથી **પ્રબન્ધચિંતામણિ**માં જે 'નગર મહાસ્થાન'ની વાત છે તે વડનગર સંબંધિત જણાય છે અને ત્યાં વિશેષમાં બ્રહ્માનો પુરાતન પ્રાસાદ હતો તેવું સૂચન મળે છે.

30. *Cf.* H.D. Sankalia, *Archaeology of Gujarat*, Bombay 1941, Fig. 56.

૩૧. સન્ ૧૯૫૭માં મેં જ્યારે તોરણોનું સર્વેક્ષણ કરેલું ત્યારે સ્કન્દની મૂર્તિવાળા તોરણના ખંડો નીચે ઉતારી નાખેલા જોયેલા.

૩૨. ઊંચાઈ લગભગ ૩૫' (કે ૩૩' ?) જેટલી છે. સિદ્ધપુરનાં તોરણોની પીઠ દબાયેલી છે, પણ વડનગરનાં તોરણોની પીઠ સિદ્ધપુરનાં દૃષ્ટાંતોથી દોઢેક ફીટ ઊંચેરી હોવાનો અંદાજ સન્ ૧૯૫૭માં મેં કરેલો તેવું સ્મરણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૩. **અપરાજિતપૃચ્છા,** "મેરુપ્રાસાદવર્ણનિર્ણય" (સૂત્ર ૧૮૩), શ્લોક ૬-૮; ત્યાં બીજા ઉપયોગી શ્લોકો ૧૦ તથા ૧૬-૧૯ : (Ed. Popatbhai Ambashankar Mankad, Gaekwad's Oriental Series, No. CXV, Baroda 1950, pp. 473-474.)

૩૪. કંડાર શૈલી સ્પષ્ટતયા સિદ્ધરાજના સમયની છે.

૩૫. જુઓ, મહેતા, "સહસ્રલિંગ," પૃ૦ ૩૮૪.

૩૬. સં૦ કન્હૈયાલાલ ભાઈશંકર દવે, શ્રીફાર્બસ ગુજરાતી સભા : ગ્રંથાવલિ અંક ૩૨, મુંબઈ ૧૯૪૦. **સરસ્વતીપુરાણ**માં સહસ્રલિંગ અભિધાનને સ્પષ્ટ કરતા ઉપર ટાંક્યા તેને મળતા બીજા પણ કેટલાક શ્લોકો છે : યથા :

तथा नागाः सुपर्णाश्च सिद्धाश्चक्रधराश्च ये ।
सरितः सागराः सर्वे यक्षविद्याधरास्तथा ॥
**सहस्रं** यत्र **लिङ्गा**नां सिद्धेशेन प्रतिष्ठितम् ।
निवासं रोचयामास तस्मिन्नमृतसागरे ॥
– **सरस्वतीपुराण** १६.३३–३४.

एकस्मिन् शिवकुण्डेऽपि सलिलं मुक्तिदं नृणाम् ।
किं पुनर्यत्**सहस्रस्य लिङ्गा**नां पुरतः स्थितम् ॥
–**सरस्वतीपुराण** १६.४०

सर्वेषामेव तीर्थानामिदमेवाधिकं सरः ।
**सहस्रं** यत्र **लिङ्गा**नां स्थितं देवगणैः सह ॥
– **सरस्वतीपुराण** १६.४८

૩૭. આને લગતા સન્દર્ભો સંપ્રતિ વિષયમાં ગૌણ હોઈ અહીં દીધા નથી.

૩૮. द्वयाश्रयकाव्य, द्वितीय खण्ड, સાંચોર વિ૦ સં૦ ૨૦૪૩ / ઈસ્વી ૧૯૮૭, પૃ૦ ૨૫૬

૩૯. *Cf. Hammîra-mada-mardana* of Jayasiṁha Sûri, Ed. C. D. Dalal, G.O.S. No. X, Baroda 1920, pp. 47-48. ત્યાં અપાયેલું વર્ણન નીચે મુજબ છે :

एतां पुनरनन्तश्रीमण्डनीयां मण्डयत्येककुण्डलमिव **सहस्रसङ्ख्यशशिशेखरसुरगृह**कच्छलमुक्ताफलपटलजटिलान्तं मध्यस्फुरदुरुतरतरुलतावितानवलयितान्तरीपमयमरकतमणिनिकुरंबकान्तं नितान्ततान्तनीरजरजःपरिरम्भसम्भावितशातकुम्भशोभमम्भो बिभ्राणं जगदानन्दनिधानं **सिद्धसागराभिधानं सरः** ।

૪૦. ઉપર ટિપ્પણ ૩૯માં તળાવ સંબદ્ધ હજાર દેવકુલિકાઓની વાત આવી ગઈ છે. બીજા "હરસહસ્રાલિક"ના સન્દર્ભ માટે નીચેનું પદ્ય મળે છે :

सदा पूर्णेऽभ्यर्णस्थित**हरसहस्रालिक**राशि–
प्रभाचञ्चञ्चन्द्रोपलपटलसोपानसलिलैः ।
क्व सम्भाव्यो यत्र प्रलयसमयद्वादशरवि–
च्छविप्लोषैः शोषः क्वथितपृथुपाथोधिभिरपि ॥
- **हम्मीरमदमर्दनम्,** अंक ५, २६.

૪૧. મહેતા, "સહસ્રલિંગ," પૃ૦ ૩૭૬.

૪૨. એજન.

૪૩. તળાવનાં તળ-આયોજનના માનચિત્ર તથા તેની પાળ પર શેષ રહેલી દેવકુલિકાઓ માટે જુઓ JAS Burgess, *The Mohmadan Architecture of Ahmedabad* Pt II, ASIWI Vol VIII, London 1905, Plate LXX II અને ત્યાં દેહરીના નમૂના માટે જુઓ Plate LXX III.

૪૪. અજમેર પાસે (સરોવર પર) દશમા શતકમાં પુષ્કરતીર્થમાં સહસ્રલિંગ હોવાનું અને ત્યાં ચાહમાન ચન્દનરાજની રાણી રુદ્રાણી તરફથી નિત્ય હજાર દીપ પ્રગટાવવામાં આવતાં હોવાનું **પૃથ્વીરાજવિજય** (કે પછી અન્યત્ર ક્યાંક) વાંચ્યાનું સ્મરણ છે. આ વાત તથ્યપૂર્ણ હોય તો પાટણના સહસ્રલિંગ પૂર્વે પણ આ પ્રકારના સ્થાપત્યની પરંપરાનો પ્રારંભ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થઈ ચૂક્યો ગણાય.

૪૫. જુઓ ત્યાં. સ૰ ૧.૭૮. મૂળ ગ્રન્થ ટિપ્પણ લખતે સમય ઉપલબ્ધ થઈ શક્યો નથી.

૪૬. याकारितं सिद्धसरः सरस्व-
त्यातायि पातुं घटपुरशक्तः ।
न मान्यशोभाङ्कभयादुपैति-
च्छ्द्यैव विन्ध्याचल वृद्धिरज्या ॥३५॥
(અરિસિંહ વિરચિત **सुकृतसंकीर्त्तनम्,** સં૰ ચતુરવિજય, શ્રીજૈન આત્માનન્દ - ગ્રન્થરત્નમાલા, ૫૧મું રત્ન, ભાવનગર વિ૰ સં૰ ૧૯૭૪ (ઈ૰ સ૰ ૧૯૧૮), પૃ૰ ૧૬, ૨-૩૫.)

૪૭. જયમંગલસૂરિવાળું મૂળ સ્રોત વર્તમાને ઉપલબ્ધ નથી. પણ પ્ર૰ ચિં૰ અંતર્ગત તેમના (અણહિલવાડ) પુરવર્ણનના ઉપલક્ષ સમેતનું નીચેનું ઉદ્ધરણ દેવામાં આવ્યું છે.
एतस्यास्य पुरस्य पौरवनिताचातुर्यतानिर्जिता
मन्ये हन्त सरस्वती जडतया नीरं वहन्ती स्थिता ।
कीर्तिस्तम्भमिषोच्चदण्डरुचिरामुत्सृज्य बाहोर्बला-
त्तन्त्रीकां गुरुसिद्धभूपतिसरस्तुम्बां निजां कच्छपीम् ॥
-प्र. चि. पृ. ६३.
(આ ઉદ્ધરણ મેં ફરીને પૃ૰ ૬૪ પર આપ્યું છે.)

૪૮. જુઓ ઉપરનું ટિપ્પણ ૪૭.

૪૯. "આ તળાવનો બાલચંદ્રસૂરિએ વસંતવિલાસમાં "વલય" તરીકે ઉલ્લેખ કર્યો છે. સમરારાસુમાં તેને પૃથ્વીનું કુંડળ કહ્યું છે. પ્રબંધચિંતામણિની રાજશેખરની ટીકામાં તેને જયમંગલસૂરિના શ્લોકને આધારે વીણાના તુંબડાની અને તોરણને દંડની ઉપમા આપી છે. પાટણના આ લેખકો દરબારીઓ કે જૈન સાધુઓ હતા અને તેથી તેમનાં વર્ણનો ઉપલક દૃષ્ટિએ થયાં હોય એ સ્વાભાવિક છે." (મહેતા પૃ૰ ૩૭૭.) શ્રીમન્મહેતાએ ઉપર એમણે નોંધેલા ગ્રન્થો અંગે કોઈ જ વિગતો નથી આપી કે નથી તેમાંથી સંદર્ભગત ઉદ્ધરણો ટાંક્યાં.

૫૦. **द्व्याश्रयमहाकाव्यम्,** द्वितीय खण्ड, સાંચોર, વિ૰ સં૰ ૨૦૪૩ (ઈ૰ સ૰ ૧૯૮૭), પૃ૰ ૨૫૯. જુઓ ત્યાં ૧૫-૧૨૨નું ચોથું ચરણ : આ ચરણ પણ મેં પાછળ લેખમાં ૩૮ ક્રમાંકનું ટિપ્પણ આવે છે ત્યાં આપી દીધું છે.
न्युरून्कीर्तिस्तम्भानिव सुरगृहाणि व्यरचयत् ॥

૫૧. જુઓ **કીર્તિકૌમુદી** તથા **સુકૃતસંકીર્તન,** સં૰ પુણ્યવિજય સૂરિ, મુંબઈ ૧૯૬૧, પૃ૰ ૬.
यस्योच्चैः सरसस्तीरे, राजते रजतोज्ज्वलः ।
**कीर्त्तिस्तम्भो** नभोगङ्गाप्रवाहोऽवतरन्निव ॥ પ્રથમ સર્ગ, શ્લોક ૭૫.

૫૨. જુઓ મૂળ ગ્રન્થ પૃ૰ ૧૬, ૨.૩૭
विश्वं जगद्येन विजित्य कीर्त्तिस्तम्भस्तथा कोऽपि महानकारि ।
यथा हिमाद्रेरिव यस्य मूर्ध्नि नभोनदी केतुपदं प्रपेदे ॥३७॥

૫૩. "સમરારાસુ", **प्राचीनगूर्जरकाव्यसंग्रह,** pt.1, sec. ed., Ed. C. D. Dalal, G.O.S. No. 13, p. 26. ત્યાં 'द्वितीय ભાષા' અંતર્ગત નીચેની કડી મળે છે.
अमियसरोवरु **सहस्त्रलिंगु** इकु धरणिहिं कुडलु ।
**कित्तिखंभु** किरि अवररेसि मागाई आखंडलु ॥७॥

૫૪. શ્રીમન્ મહેતાની કંઈક સરતચૂક થઈ હશે ?

૫૫. જુઓ અહીં ટિપ્પણ ૪૭.

૫૬. તોરણ બે સ્તંભો પર ઊભું થતું હોઈ, તેને વીણાદંડની ઉપમા ઘટિત થઈ શકતી નથી, પણ કીર્તિસ્તંભ-વાસ્તવિક થાંભલા રૂપે કે પછી ચિત્તોડમાં છે તેમ માડયજલા વાળી ઈમારત હોય, તેને વીણાના દંડની ઉપમા બંધબેસતી થાય ખરી.

૫૭. જુઓ મારો લેખ, "કવિ રામચન્દ્ર અને કવિ સાગરચન્દ્ર," *Sambodhi*, Vol 11, Nos. 1-4, April 1982-Jan. 1983, પૃ૰ ૬૮-૮૦. ત્યાં જયમંગલસૂરિ અને તેમની ગુર્વાવલી ગચ્છ અને સમયાદિ વિષે ચર્ચા પૃ૰ ૭૨-૭૩ પર કરી છે.

૫૮. અને એને શબ્દાર્થને જ પકડીને ભાવાર્થને એક કોર રાખી ઘટાવવું ન તો ઔચિત્યપૂર્ણ, ન તો સુસંગત કહી શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org